

પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી દ્વારા લિખિત
આધ્યાત્મિક પત્રો

પત્રાંક - ૩૩૧

ૐ મુંબઈ, માહ, ૧૯૪૮

વીતરાગપણે, અત્યંત વિનયપણે પ્રણામ.

ભ્રાંતિગતપણે સુખસ્વરૂપ ભાસે છે એવા આ સંસારી પ્રસંગ અને પ્રકારોમાં જ્યાં સુધી જીવને વહાલપ વર્તે છે; ત્યાં સુધી જીવને પોતાનું સ્વરૂપ ભાસવું અસંભવિત છે, અને સત્સંગનું માહાત્મ્ય પણ તથારૂપપણે ભાસ્યમાન થવું અસંભવિત છે. જ્યાં સુધી તે સંસારગત વહાલપ અસંસારગત વહાલપને પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ખચીત કરી અપ્રમત્તપણે વારંવાર પુરુષાર્થનો સ્વીકાર યોગ્ય છે. આ વાત ત્રણે કાળને વિષે અવિસંવાદ જાણી નિષ્કામપણે લખી છે.

*

પત્રાંક - ૩૩૨

મુંબઈ, ફાગણ સુદ ૪, બુધ, ૧૯૪૮

આરંભ અને પરિગ્રહનો જેમ જેમ મોહ મટે છે, જેમ જેમ તેને વિષેથી પોતાપણાનું અભિમાન મંદપરિણામને પામે છે; તેમ તેમ મુમુક્ષુતા વર્ધમાન થયા કરે છે. અનંત કાળના પરિચયવાળું એ અભિમાન પ્રાયે એકદમ નિવૃત્ત થતું નથી. તેટલા માટે, તન, મન, ધનાદિ જે કંઈ પોતાપણે વર્તતાં હોય છે, તે જ્ઞાની પ્રત્યે અર્પણ કરવામાં આવે છે; પ્રાયે જ્ઞાની કંઈ તેને ગ્રહણ કરતા નથી, પણ તેમાંથી પોતાપણું મટાડવાનું જ ઉપદેશે છે; અને કરવા યોગ્ય પણ તેમ જ છે કે, આરંભ-પરિગ્રહને વારંવારના પ્રસંગે વિચારી વિચારી પોતાનાં થતાં અટકાવવાં; ત્યારે મુમુક્ષુતા નિર્મળ હોય છે.

*

પત્રાંક - ૩૩૩

મુંબઈ, ફાગણ સુદ ૪, બુધ, ૧૯૪૮

૧ 'સત્પુરુષની ઓળખાણ જીવને નથી પડતી, અને વ્યાવહારિક કલ્પના પોતાસમાન તે પ્રત્યે રહે છે, એ જીવને ક્યા ઉપાયથી ટળે ?' એ પ્રશ્નનો ઉત્તર યથાર્થ લખ્યો છે. એ ઉત્તર જ્ઞાની અથવા જ્ઞાનીનો આશ્રિત માત્ર જાણી શકે, કહી શકે, અથવા લખી શકે તેવો છે. માર્ગ કેવો હોય એ જેને બોધ નથી, તેવા શાસ્ત્રાભ્યાસી પુરુષો તેનો યથાર્થ ઉત્તર ન કરી શકે તે પણ યથાર્થ જ છે. 'શુદ્ધતા વિચારે ધ્યાવે' એ પદ વિષે હવે પછી લખીશું.


અંબારામજીના પુસ્તક વિષે આપે વિશેષ વાંચન કરી જે અભિપ્રાય લખ્યો તે વિષે હવે પછી વાતચીતમાં વિશેષ જણાવાય તેમ છે. અમે એ પુસ્તકનો ઘણો ભાગ જોયો છે; પણ સિદ્ધાંતજ્ઞાનમાં વિઘટતી વાતો લાગે છે, અને તેમ જ છે, તથાપિ તે પુરુષની દશા સારી છે; માર્ગાનુસારી જેવી છે, એમ તો કહીએ છીએ. જેને સૈદ્ધાંતિક અથવા યથાર્થજ્ઞાન અમે માન્યું છે તે અતિ અતિ સૂક્ષ્મ છે, પણ તે થાય તેવું જ્ઞાન છે. વિશેષ હવે પછી. ચિત્તે કહ્યું કર્યું નથી માટે આજે વિશેષ લખાયું નથી, તે ક્ષમા કરશો.


પરમ પ્રેમભાવથી નમસ્કાર પહોંચે.

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૪૯ : અંક–૩૦૧, વર્ષ–૨૫, જાન્યુઆરી–૨૦૨૩


**શ્રાવણ સુદ ૩, ગુરુવાર, તા.૨૧–૦૭–૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા–૯૫,૯૬, પ્રવચન–૪૦**





આત્મજ્ઞાની સર્વ શાસ્ત્રોના જ્ઞાતા છે.

जो अप्पा सुद्ध वि मुणइ, असुइ-सरीर-विभितु।
सो जाणइ सत्थइँ सयल, सासय-सुक्खहँ लीणु।।९५।।

જે જાણે શુદ્ધાત્મને, અશુચિ દેહથી ભિન્ન;
તે જ્ઞાતા સૌ શાસ્ત્રનો, શાશ્વત સુખમાં લીન. ૯૫.

અન્વયાર્થ : (जो असुइ सरीर विभित) જે કોઈ આ અપવિત્ર શરીરથી ભિન્ન (सासय-सुक्खहँ लीणु) અને અવિનાશી સુખમાં લીન (सुह वि अप्पा मुणइ) શુદ્ધ આત્માનો અનુભવ કરે છે (सो सयल सत्थइं जाणइ) તે જ સર્વ શાસ્ત્રો જાણે છે.

'યોગસાર' ૯૫ ગાથા. 'આત્મજ્ઞાની સર્વ શાસ્ત્રોના જ્ઞાતા છે.' મથાળું છે. આત્માને જાણે એણે સર્વ શાસ્ત્રને જાણ્યા. કેમકે સર્વ શાસ્ત્રને જાણવાનું ફળ એ આત્માનું જ્ઞાન છે. આત્માનું જ્ઞાન ન કર્યું અને એકલા શાસ્ત્ર ભણે એને કંઈ એનું ફળ નથી. એથી એનું વજન છે, જુઓ!

जो अप्पा सुद्ध वि मुणइ, असुइ-सरीर-विभितु।
सो जाणइ सत्थइँ सयल, सासय-सुक्खहँ लीणु।।९५।।

'જે કોઈ આ અપવિત્ર શરીરથી ભિન્ન...' આ શરીર એ તો અપવિત્ર માટીનો પિંડ છે. એનાથી ભિન્ન ભગવાન અનંત આનંદ પવિત્રનું ધામ આત્મા છે. 'અને અવિનાશી સુખમાં લીન...' થઈને એટલે? આત્મામાં અવિનાશી

અતીન્દ્રિય આનંદ અનાદિઅનંત પડ્યો છે. આત્મામાં અતીન્દ્રિય આનંદ શાશ્વત (છે). જેમ વસ્તુ શાશ્વત છે (તેમ) તેનો આનંદ પણ શાશ્વત છે. એવા શાશ્વત આનંદમાં એકાગ્ર થઈને આનંદના અનુભવથી-વેદનથી આત્માને જાણે એણે બધું જાણ્યું. કહો, સમજાય છે કાંઈ?

'અવિનાશી સુખમાં લીન શુદ્ધ આત્માનો અનુભવ કરે છે...' હિતરૂપ કાર્ય તો એ છે. પ્રયોજનભૂત આત્માનું કાર્ય, મોક્ષના પરમાનંદ સુખના હેતુભૂત આત્મા પરમ આનંદ એનો અંતરમાં અનુભવ કરવો. સમજાય છે કાંઈ? આત્માનું સચ્ચિદાનંદ સ્વરૂપ સિદ્ધ સમાન, સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનું ધામ આત્મા (છે). એવો આનંદ જે ત્રિકાળી છે એમાં લીન થઈને વર્તમાન આનંદના વેદન દ્વારા આત્માને જાણે. સમજાણું કાંઈ? એ સર્વ શાસ્ત્રોનો જાણકાર છે.

મુમુક્ષુ : વર્તમાન આનંદથી નક્કી થાય ?

ઉત્તર : વર્તમાન આનંદના અનુભવથી આત્માને જાણે કે, આ આત્મા છે, એમ. રાગ અને પુણ્ય-પાપ એ આસ્રવતત્ત્વ છે. આ શરીર, વાણી, મન તો જડ છે, પર છે, માટી છે. હવે એ આત્માને શાશ્વત અંદરમાં સુખ છે એને અંતર અવલંબીને આનંદના અનુભવ સહિત કરતો, અનુભવ દ્વારા આત્માને જાણે એને જાણ્યો કહેવાય છે, એમ કહે છે. આ તો એકદમ 'યોગસાર' છે ને!

'યોગસાર' એટલે ભગવાનઆત્મા, એનો યોગ એટલે અંદર જોડાણ. અનાદિથી પુણ્ય અને પાપના ભાવ, શુભ-અશુભ રાગનું જોડાણ છે. જોડાણ તો છે. એ જોડાણ મિથ્યાદ્રષ્ટિમાં અધર્મરૂપ જોડાણ છે. ભગવાનઆત્મા અનંત જ્ઞાન ને આનંદ સ્વરૂપ (છે) એમ પહેલો નિર્ણય કરીને પછી તેના સન્મુખ થઈને આનંદની શક્તિની પૂર્ણતા સન્મુખ થતાં તેને અતીન્દ્રિય આનંદના વેદનનો અંશ આવતા, એ દ્વારા આત્મા અતીન્દ્રિય આનંદમય છે એમ જેણે જાણ્યો એણે બધા શાસ્ત્રો જાણ્યા. કહો, સમજાય છે કાંઈ?

અહીં તો માખણની વાત છે. 'યોગસાર' છે ને! માખણ પોચું હોય એટલે એકદમ ચાલ્યું જાય. આહાહા..! પ્રભુ તારી પાસે આનંદ છે ને! તારો આનંદ ક્યાં શોધવા જાવો પડે એવો છે. આ આનંદ એ તો તારો ધર્મ છે. ધર્મીધર્મનો ધરનાર એવો ધર્મી આત્મા આનંદાદિ ધર્મને ધરનાર છે, એ તો તારો સ્વભાવ જ છે, આનંદ તો તારો ધર્મ (છે). ત્રિકાળી, હોં! ત્રિકાળી વસ્તુ ભગવાનઆત્મા શાશ્વત છે તો એનો ધર્મ આનંદ, જ્ઞાનાદિ ત્રિકાળી શાશ્વત છે. એ તો આનંદને લઈને જ આત્મા પડ્યો છે. બધા શાસ્ત્ર ભણી લાખ વાતું બધી કરી જેણે અંતરના અનુભવમાં આત્માને જોડ્યો, અનુભવ આ આનંદ છે, નિર્વિકલ્પ આનંદ છે, રાગ ને પુણ્ય ને પાપની વાસના વિનાની શુદ્ધ પરિણતિ દ્વારા આ આત્મા આનંદસ્વરૂપ છે એમ જેણે આનંદના અનુભવ દ્વારા અનુભવ્યો એણે બાર અંગનું બધું જાણ્યું. કારણ કે શાસ્ત્રમાં કહેવાનો હેતુ તો આટલો હતો. કહો, સમજાણું કાંઈ?

'શાસ્ત્રોનું જ્ઞાન ત્યારે જ સફળ કહેવાય જ્યારે પોતાના આત્માની યથાર્થ ઓળખાણ થાય,...' શાસ્ત્રનું જ્ઞાન ત્યારે સફળ કહેવામાં આવે કે આત્માને જાણ્યો. આત્માને યથાર્થ ઓળખી લે. યથાર્થ આત્માને ઓળખ્યો, જાણ્યો ક્યારે કહેવાય? 'તેની રુચિ પ્રાપ્ત થાય અને તેના સ્વભાવનો સ્વાદ આવવા લાગે.' જાણવું, રુચિ અને આનંદ, ભાઈ! ત્રણ લઈ લીધાં. ભગવાનઆત્મા શુદ્ધ આનંદ ને જ્ઞાનની મૂર્તિ પ્રભુ આત્મા છે. કેવળજ્ઞાની પરમાત્માએ અરિહંત તીર્થંકરદેવે આત્માને આનંદ અને જ્ઞાનસ્વરૂપી દીઠો છે. દરેકનો આત્મા, હોં! ભગવાન કેવળજ્ઞાની પરમેશ્વરે તીર્થંકરદેવે આ આત્માને અનંત આનંદ અને જ્ઞાનવાળો જોયો છે. એને રાગવાળો, પુણ્યવાળો, કર્મવાળો આત્માને ભગવાને જોયો નથી. સમજાણું કાંઈ? એમ જેણે જોયું છે, એમ જે જોવા મથે છે એને આત્માના પૂર્ણ સ્વભાવ સન્મુખની દ્રષ્ટિ થઈ, એનું જ્ઞાન થઈ અને એના આનંદના સ્વાદને લેવા અનુભવમાં પડે ત્યારે તેણે આત્મા જાણ્યો અને ભગવાને જાણ્યો એવો એણે માન્યો. બહુ ઝીણું પણ, ભાઈ! કહો, 'જગજીવનભાઈ'! કેવું કઠણ? મહેમાનો માટે પૂછતા હતા. મહેમાનો માટે પૂછતા હતા, આ બહુ કઠણ. અત્યાર સુધી પોષા, સામાયિક કરતા હતા, માની લીધો

(ધર્મ).

આત્મામાં એનો અભ્યાસ કરે અને ન બને એવી એ ચીજ નથી. આત્મામાં રજકણના અને રાગના ભાવને કાયમ કરવા માગે તો એ થઈ શકે નહિ. આત્મા પોતાના સ્વભાવ સિવાય જગતના રજકણો, પરમાણુઓ, પુદ્‌ગલો નાના કે સ્કંધો, સ્કંધ એટલે ઘણા રજકણનો પિંડજથ્થો, એને આત્મા એ રજકણથી માંડી પૂર્ણ સ્કંધને પોતાના કરવા માંડે તો અનંત પુરુષાર્થથી પણ એ થઈ શકે નહિ. તેમ આત્મા અંદરમાં જે પુણ્ય-પાપનો જે વિકાર છે એને કાયમ શાશ્વત આત્મા સાથે જોડવા માગે તો એ થઈ શકે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? પણ આત્મા એ જ્ઞાન ને આનંદનો ભરપૂર ભંડાર ભરેલો પ્રભુ આત્મા છે. એવા સ્વભાવની અંતરમાં એકાગ્ર થઈને આ આત્મા એ તો પ્રાપ્ત કરી શકે એવું એનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ?

૪૭ શક્તિમાં એવો એનો એક ગુણ ભગવાને લીધો છે કે, આત્મામાં પ્રકાશ (શક્તિ છે). આત્મા પોતાને પ્રત્યક્ષ પ્રત્યક્ષ થઈ શકે એવો એનામાં ગુણ છે. પરોક્ષ રહે એવો કોઈ એનામાં ગુણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? 'કામદાર'! આ બધું સમજવું પડશે, હોં! આ બધા અત્યાર સુધી આડાઅવળા ગોળા માર્યા છે તે. ખરી વાત કે નહિ? હેં? 'નાનચંદભાઈ'! એ તો હળવે હળવે સાંભળે તો થાય. થોડો વખત દેવો પડે. ક્યાં ગયા 'દોશી'? 'જયંતીલાલ' સમજાણું આ? આહાહા..!

પરમેશ્વર જેને એક સમયની જ્ઞાનદશામાં પોતાનો પૂર્ણ સ્વભાવ ભાસ્યો એમાં ત્રણકાળ ત્રણલોક પણ પોતાની પર્યાયમાં ભાસ્યા. એવા ભગવાનની વાણીમાં ઈચ્છા વિના વાણી નીકળી. એ વાણીમાં આવ્યું, એ વાણી કહો કે એને આગમ કહો. એ વાણીની રચના કરી પછી એને આગમ કહેવામાં આવે છે. એ વાણીમાં, આગમમાં એમ આવ્યું, શાસ્ત્રમાં એમ આવ્યું.. અહીં શાસ્ત્ર છે ને? સર્વ શાસ્ત્રોનો જાણનાર. ભગવાનની આવી વાણી નીકળી, એ વાણીને સાંભળી ગણધરોએ પોતાની યોગ્યતાના ભાવથી સૂત્રરૂપે રચના કરી, નિમિત્તરૂપે વિકલ્પમાં, એ વસ્તુને આગમ કહે છે. એ આગમમાં એમ કહેવાણું છે, બધા આગમમાં એમ કહેલું છે કે, ભાઈ! તું તારો રાગ અને પુણ્ય-પાપ તારા ત્રિકાળી સ્વભાવમાં એક કરવા માગ તો નહિ થઈ શકે. ભાઈ! આ શરીર, વાણી, મન, જડ માટી (છે). એને તું આત્મા સાથે એક સમય પણ જો તન્મય કરવા માગ, એક સમય, તો નહિ થાય. વિકાર એક સમય તન્મય છે એ ત્રિકાળ સ્વભાવ સાથે તન્મય ન થાય. સમજાય છે કાંઈ? તન્મય એટલે શું હશે? તન્મય.. તન્મયતે રૂપ.

ભગવાનઆત્મા અનંત આનંદ અને જ્ઞાનનો સાગર પ્રભુ, એ શરીર, કર્મ આદિના રજકણને, એક સમય સેકંડનો અસંખ્યમો ભાગ, પોતાની વર્તમાન દશામાં કરવા માગે તો નહિ થઈ શકે. અને રાગ-દ્વેષના પરિણામ એક સમયમાં તન્મય છે પણ એ ત્રિકાળ સ્વભાવ સાથે તન્મય એકરૂપ કરવા માગે તો નહિ થઈ શકે. ત્યારે ભગવાનઆત્મા અનાદિ આનંદ અને જ્ઞાનથી એકરૂપ તન્મય છે. એની વર્તમાન દ્રષ્ટિ કરીને એ આનંદ સાથે તન્મય થવું એ તારાથી થઈ શકશે. સમજાણું કાંઈ? કેમકે એનામાં એ ગુણ છે. એક પ્રકાશ નામનો બારમો ગુણ છે. સમજાય છે? સર્વદર્શિત્વ, સર્વજ્ઞત્વ, સ્વચ્છત્વ, પ્રકાશ. ૪૭ માં બારમો (ગુણ છે).

ભગવાનઆત્મામાં... અહીં તો એ પ્રશ્ન ઉઠ્યો કે, સર્વ શાસ્ત્રે આ કહ્યું છે. આત્માના આનંદથી (આત્માને) જાણ્યો એણે બધા (શાસ્ત્ર) જાણ્યા. તો અહીંયાં તો એ થયું કે, એ આત્મા અનાદિકાળથી વિકાર ને સંયોગી ચીજને પોતાની કરવા મથે છે પણ એનામાં એ ગુણ નથી. સમજાય છે કાંઈ? એનામાં ગુણ એટલે ગુણ કરવાનો એટલે લાભ કરવાનો એવો કોઈ ગુણ નથી. વિકારને પોતાના કરે કે શરીરાદિને કરે એવો એનામાં ત્રિકાળી ગુણ, ગુણનો ગુણ નથી. એવો ગુણ, એનો એ ગુણ નથી. પણ આત્મામાં એક ગુણ અનાદિઅનંત એવો છે કે જે પોતાને પ્રત્યક્ષ કરી શકે એવો એનામાં ગુણ છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

ભાઈ! એ સુખને વેદનમાં પ્રત્યક્ષ કરી શકે એવો તારો ગુણ છે, હોં! અને એ ગુણનો ગુણ આ છે. એ ગુણ જે ત્રિકાળી પ્રકાશગુણ છે એનો ગુણ એવો છે કે

સ્વસંવેદન (અર્થાત્) રાગ વિના આનંદનું વેદન કરીને જાણ, એવો એ ગુણનો ગુણ છે. ગુણનો ગુણ એટલે એ ગુણનું કાર્ય. આહાહા..! સમજાણું કાંઈ આમાં? ભારે ઝીણું, ભાઈ! એ ગુણનો ગુણ વળી. એ ગુણનો ગુણ એટલે એ ગુણનું કાર્ય. સમજાણું કાંઈ? પણ વાત એને આ શું ચીજ છે અને કેમ છે, એ તો કોઈ દિ' જાણવા મંથન કર્યું નથી. બહારમાં ને બહારમાં પોતે ખોવાઈ ગયો. હેં? પરમેશ્વર ખોવાઈ ગયો.

'સૂરદાસ' હતા ને? એમાં વાત આવે છે. આંધળી આંખ્યું. એને કૃષ્ણ તરીકે સ્વીકારતા ને? આંધળા હતા તો કૃષ્ણે હાથ છોડાવી દીધો. ભાગી ગયા. ભગવાન! પણ તું હાથથી છૂટ્યો, હોં! મારા કાળજામાંથી જા તો ખરો. કારણ કે આંખ્યું બંધ હતી. સૂરદાસ હતા ને સૂરદાસ. આંખ્યું ફોડી નાખી હતી. એમ કે, આંખે સ્ત્રી કેમ દેખાય? અરે..! પણ એમાં આંખનો શું વાંક હતો? સ્ત્રી દેખાય કેમ? એ તો કેવળજ્ઞાનમાં ત્રણકાળ ત્રણલોક દેખાય છે. સ્ત્રીઓ દેખવી કે સ્ત્રીઓના અવયવ દેખવા એ કંઈ દોષનું કારણ નથી. પણ રાગીને રાગ છે એટલે આમ જોતાં એને રાગ થાય એ આંખોનો દોષ નથી, એ રાગનો દોષ છે. પણ અજ્ઞાનમાં એમ ભાસ્યું નહિ, આમ કેમ થાય? ફોડ આંખ. એ આંખ ફોડવી છે કે રાગને ફોડવો છે? પણ વસ્તુના સ્વરૂપની ખબર નહિ એટલે આ રીતે આંખ ફોડી. પછી ભગવાન શ્રીકૃષ્ણને પકડ્યા. પછી ભાગ્યા. આંખો નહિ એટલે આમ ચંચોળે. ભગવાન! ભલે તું હાથમાંથી જા, કાળજામાંથી જા તો ખરો કૃષ્ણ તું, હોં! એ જાતનો એને પ્રેમ. એમ આત્મા ભગવાન આનંદ અને જ્ઞાનમાંથી જાય તો આત્મા ખરો. એ કોઈ દિ' જઈ શકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

એક બાવો હતો, નાની ઉંમરનો જુવાન વીસ વર્ષનો રૂપાળો, હોં! પછી લંગોટી પહેરે ને? લંગોટી. ન્હાવા ગયો, ન્હાવા. ધૂન બહુ, 'કૃષ્ણ'ની ધૂન બહુ. ભગત કહેતા, આપણે ભગત હતા ને? ... એને હોટલ હતી. બાવા– કહેતા, આપણે ભગત હતા ને? ... એને હોટલ હતી.બાવા–બાવા કો'ક આવે તો ચા પાય. કામ્પમાં હોટલ હતી. બાવા–બાવા કો'ક આવે તો ચા પાય. કામ્પમાં હોટલ હતી. વીસ વર્ષનો જુવાન, હોં! એકલી લંગોટી પહેરે. બીજું કાંઈ નહિ. ન્હાઈને લંગોટી પહેરવી ભૂલી ગયો અને એકદમ હોટલે આવ્યો. પણ અરે..! મહારાજ! લંગોટી ભૂલી ગયા. અરે..! ભગત લંગોટી ભૂલી જાઉં છું, હોં! પણ 'કૃષ્ણ'ને હું ભૂલ્યો નથી. આ વાત બનેલી છે. આ કામ્પ છે ને? કામ્પમાં ઓલા ભગત રહેતા. ખબર છે? 'કસ્તૂર ભગત', આ 'પોપટ ભગત' 'લીમડી' રહે છે ને? એના ભાઈ ત્યાં રહેતા. ઘણા વર્ષ (પહેલાની) વાત છે. એ પોતે પહેલા અહીં આવતા. 'પોપટભાઈ' કહેતા, બાવા એવા આવે પણ એને તત્ત્વની ખબર ન મળે, માર્ગની ખબર ન મળે. આમ બિચારા વૈરાગ્ય કરે. પણ આ આત્મા પરમેશ્વર સાક્ષાત્ પોતે છે. એને ભૂલવો ન જોઈએ. 'કૃષ્ણ' તો પર છે. એની અહીં વાત નથી. સમજાણું કાંઈ?

કહે છે કે, ભગવાનઆત્મા..! મૃગની ડૂંટીમાં કસ્તૂરી. એમ ભગવાનઆત્માના અંતરમાં આનંદ અને જ્ઞાનથી ભરેલો પ્રભુ, એની સામું જોયા વિના જેટલા પુણ્ય ને પાપના ભાવ આદિ કરે એ બધો સંસાર રખડવા માટે છે. સમજાણું કાંઈ? એ પછી અગિયાર અંગ ને નવ પૂર્વ ભણ્યો તો એ કાંઈ ભણ્યો નથી. પણ જેણે ભગવાનઆત્મા અનંત અનંત ગુણ સહજ સંપદા, અનંત ગુણનું સામ્રાજ્ય જેને ઘરે છે.. આહાહા..! એ જ્ઞાનની એક પર્યાયમાં ત્રણકાળ ત્રણલોક જણાય એવું સામ્રાજ્ય એક પર્યાયનું છે. એવી એવી અનંતી પર્યાયોનો એક ગુણ, એવા અનંત ગુણનું એક સ્વરૂપ. આહાહા..! દુનિયાના રાજ અને ચક્રવર્તી એ શું છે? એ પણ જોવે છે, ઈ કંઈ એને ગરી નથી જતું. એ જોતાં એમ માને છે કે, આ મને ચક્રવર્તીનું રાજ છે, આ મારી બાયડી છે. એ તો માન્યતા છે, ઈ કંઈ વસ્તુ ગરી જતી નથી. પણ ઓલો વિકાર સાથે માને છે કે મારા છે. જ્ઞાની એને દેખે છે, એને વિકાર નથી કે આ છે, ફેર આટલો છે. સમજાણું કાંઈ? એ ચીજ તો છે જેમ છે. જાણે છે. આ હું શુદ્ધ છું, આ છે એને હું જાણું છું. ઓલો (અજ્ઞાની) જાણવા ઉપરાંત આ મારા છે, એમ માને છે એ એની દોષની અધિકાઈ છે. સમજાણું કાંઈ? કે જે એના નથી. રાગ પણ એનો નથી એને માને છે તે

મિથ્યાદ્રષ્ટિની અધિકાઈ છે. પણ એવો કોઈ ગુણ નથી કે મિથ્યાત્વ કાયમ રહે. ગુણ નથી. અને આ ગુણ છે. જેમાં ભગવાન પ્રકાશ નામનો એક ગુણ કહે છે, કે જેનું કાર્ય આત્મા રાગ અને વિકલ્પ વિના પ્રત્યક્ષ વેદનમાં આવે એવો આત્માનો ગુણ છે. આહાહા..! ૪૭ ગુણમાં (એવો એક ગુણ છે). આપણે વ્યાખ્યાન બધા આવી ગયા છે. હમણા નવા વ્યાખ્યાનો તો હજી રેકોર્ડિંગમાં રહ્યા છે. 'આત્મ પ્રસિદ્ધિ' તો બહાર પડી ગઈ છે ને! પહેલાની. પણ આ નવા વ્યાખ્યાનો બહુ સારા છે. એનાથી બહુ સારી જાત આવી પણ હજી રેકોર્ડિંગમાં અંદર પડ્યા છે, બહાર નીકળે ત્યારે ખરા. હેં? ૪૭ શક્તિ, આહાહા..! ૪૭ શક્તિ ને? બહાર આવી ગઈ છે. અમારા આ 'કુંવરજીભાઈ' તરફથી બહાર પાડવાની છે. બહુ સારા વ્યાખ્યાન આવ્યા છે. અત્યારે ૪૭ શક્તિના વ્યાખ્યાન થયા છે, બહુ સારા થયા છે, પહેલા કરતાં પણ સારા છે. બહુ સ્પષ્ટીકરણ આવ્યું છે. પંડિતજીને પહેલા આપજો. સમજાણું કાંઈ?કર્મ અને કર્મફળચેતનાને હેય કરીને છોડે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા..! કહે છે કે, એનામાં ગુણ છે. પ્રભુ પરમાત્માએ જોયો છે. એ શું ગુણ છે? કે, આત્મા પ્રત્યક્ષ પોતાને થાય એવો ગુણ છે. રાગ દ્વારા જણાય એવો એ રહે નહિ, એવો એનો ગુણ છે. આહાહા..! અને એ ગુણનો ગુણ એટલે કાર્ય ભગવાનઆત્મા, પોતાના આનંદને પ્રત્યક્ષ કરીને આ આત્મા છે એમ જાણે એવો એનામાં ગુણ છે. આહાહા..! સમજાણું કાંઈ? ત્યારે એણે સર્વ શાસ્ત્ર જાણ્યા એમ કહેવામાં આવે છે. આહાહા..! ભલે શાસ્ત્ર ઓછાવત્તા આવડે, જવાબ દેતા પણ ન આવડે, બોલતા પણ ન આવડે, એની સાથે કાંઈ સંબંધ નથી. ભાષણ થવું કે ન થવું એ તો જડની અવસ્થા છે. એ કંઈ ઉપદેશ દેતા આવડ્યો માટે જીવને લાભ છે (એમ) જરીયે નહિ. આહાહા..!

મુમુક્ષુ : ઉપદેશ આપેતો ઘૂંટણ થાય.

ઉત્તર : કોનું ઘૂંટણ પણ? એ તો જ્ઞાનનું અંતરનું ઘૂંટણ પોતામાં છે. એ કંઈ વાણી દ્વારા છે? અને વિકલ્પ ઉઠ્યો છે એ દ્વારા અંદર સંવર, નિર્જરા છે? ભાઈ! આ તો માર્ગ જુદી જાતનો છે. આ પ્રભુનો માર્ગ છે. સમજાણું કાંઈ? એ પોતે પરમેશ્વર છે. વીતરાગ સ્વરૂપનો પરમેશ્વર છે. વીતરાગપણામાં જેટલો સ્વભાવમાં એકાગ્ર થાય છે એટલો જ એને સંવર અને નિર્જરાનો લાભ છે. વાણીથી કાંઈ નહિ અને વિકલ્પથી કાંઈ નહિ. આહાહા..! સમજાણું?

એવો આત્મા, એને જાણે, એની રુચિ પ્રાપ્ત કરે અને એના સ્વભાવનો સ્વાદ આવે. એ આનંદનો અનુભવ આવ્યો જાણે. 'કેમકે શુદ્ધાત્માનો અનુભવ જ મોક્ષમાર્ગ છે.' એ ભગવાન શુદ્ધ સ્વરૂપ આત્મા, એનો અનુભવ કરવો, વેદવું, વેદવા સહિત જાણવું, વેદવા સહિત રુચિ કરવી એ મોક્ષનો માર્ગ છે. જગતને ભારે કઠણ પડે. ઓલા કહે કે, બહારથી થાશે. શુભજોગથી થાશે, દેવ–ગુરુ–શાસ્ત્રથી થાશે, ભગવાનથી થાશે. ભાઈ! એ છેતરપિંડી થઈ ગઈ છે, હોં! માયાચારી થશે, પ્રભુ! એ ભગવાન એમ નહિ પકડાય. એનો એ ગુણ નથી. પરથી જણાય, રાગથી જણાય, નિમિત્તથી જણાય એવો એનામાં ગુણ નથી. એવા ગુણ નથી અને એવા ગુણવાળો માનવો એ તો એણે આત્મા માન્યો નથી. આહાહા..! સમજાય છે?

(પ્રવચનનો શેષ અંશ આવતા અંકમાં..)

---

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (જાન્યુઆરી–૨૦૨૩)નું શુલ્ક શ્રી પરમભાઈ હેમંતભાઈ શાહ, મુંબઈ તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**



# શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૧૨૮ પર પૂ.ભાઈશ્રી શશીભાઈનું તા:૨૫-૧૨-૯૭ કોઈમ્બતુરમાં થયેલ પ્રવચન

પત્રાંક-૧૨૮

વવાણિયા, પ્રથમ ભાદ્ર, સુદ ૬, ૧૯૪૬

ધર્મેચ્છક ભાઈઓ,

પ્રથમ સંવત્સરી અને એ દિવસ પર્યંત સંબંધીમાં કોઈ પણ પ્રકારે તમારો અવિનય, આશાતના, અસમાધિ મારા મન, વચન, કાયાના કોઈ પણ યોગાધ્યવસાયથી થઈ હોય તેને માટે પુનઃ પુનઃ ક્ષમાવું છું.

અંતર્જ્ઞાનથી સ્મરણ કરતાં એવો કોઈ કાળ જણાતો નથી વા સાંભરતો નથી કે જે કાળમાં, જે સમયમાં આ જીવે પરિભ્રમણ ન કર્યું હોય, સંકલ્પ-વિકલ્પનું રટણ ન કર્યું હોય, અને એ વડે 'સમાધિ' ન ભૂલ્યો હોય. નિરંતર એ સ્મરણ રહ્યા કરે છે, અને એ મહા વૈરાગ્યને આપે છે.

વળી સ્મરણ થાય છે કે એ પરિભ્રમણ કેવળ સ્વચ્છંદથી કરતાં જીવને ઉદાસીનતા કેમ ન આવી? બીજા જીવો પરત્વે ક્રોધ કરતાં, માન કરતાં, માયા કરતાં, લોભ કરતાં કે અન્યથા કરતાં તે માઠું છે એમ યથાયોગ્ય કાં ન જાણ્યું ? અર્થાત્ એમ જાણવું જોઈતું હતું, છતાં ન જાણ્યું એ વળી ફરી પરિભ્રમણ કરવાનો વૈરાગ્ય આપે છે.

વળી સ્મરણ થાય છે કે જેના વિના એક પળ પણ હું નહીં જીવી શકું એવા કેટલાક પદાર્થો (સ્ત્રી આદિક) તે અનંત વાર છોડતાં, તેનો વિયોગ થયાં અનંત કાળ પણ થઈ ગયો; તથાપિ તેના વિના જિવાયું એ કંઈ થોડું આશ્ચર્યકારક નથી. અર્થાત્ જે જે વેળા તેવો પ્રીતિભાવ કર્યો હતો તે તે વેળા તે કલ્પિત હતો. એવો પ્રીતિભાવ કાં થયો? એ ફરી ફરી વૈરાગ્ય આપે છે.

વળી જેનું મુખ કોઈ કાળે પણ નહીં જોઉં; જેને કોઈ કાળે હું ગ્રહણ નહીં જ કરું; તેને ઘેર પુત્રપણે, સ્ત્રીપણે, દાસપણે, દાસીપણે, નાના જંતુપણે શા માટે જન્મ્યો ? અર્થાત્ એવા દ્વેષથી એવા રૂપે જન્મવું પડ્યું ! અને તેમ કરવાની તો ઇચ્છા નહોતી ! કહો એ સ્મરણ થતાં આ કલેશિત આત્મા પરત્વે જાુગુપ્સા નહીં આવતી હોય ? અર્થાત્ આવે છે.

વધારે શું કહેવું ? જે જે પૂર્વનાં ભવાંતરે ભ્રાંતિપણે ભ્રમણ કર્યું; તેનું સ્મરણ થતાં હવે કેમ જીવવું એ ચિંતના થઈ પડી છે. ફરી ન જ જન્મવું અને ફરી એમ ન જ કરવું એવું દ્રઢત્વ આત્મામાં પ્રકાશે છે. પણ કેટલીક નિરૂપાયતા છે ત્યાં કેમ કરવું ? જે દ્રઢતા છે તે પૂર્ણ કરવી; જરૂર પૂર્ણ પડવી એ જ રટણ છે, પણ જે કંઈ આડું આવે છે, તે કોરે કરવું પડે છે, અર્થાત્ ખસેડવું પડે છે, અને તેમાં કાળ જાય છે. જીવન ચાલ્યું જાય છે, એને ન જવા દેવું , જ્યાં સુધી યથાયોગ્ય જય ન થાય ત્યાં સુધી, એમ દ્રઢતા છે તેનું કેમ કરવું ? કદાપિ કોઈ રીતે તેમાંનું કંઈ કરીએ તો તેવું સ્થાન ક્યાં છે કે જ્યાં જઈને રહીએ ? અર્થાત્ તેવા સંતો ક્યાં છે, કે જ્યાં જઈને એ દશામાં બેસી તેનું પોષણ પામીએ ? ત્યારે હવે

કેમ કરવું ?

''ગમે તેમ હો, ગમે તેટલાં દુઃખ વેઠો, ગમે તેટલા પરિષહ સહન કરો, ગમે તેટલા ઉપસર્ગ સહન કરો, ગમે તેટલી વ્યાધિઓ સહન કરો, ગમે તેટલી ઉપાધિઓ આવી પડે, ગમે તેટલી આધિઓ આવી પડો, ગમે તો જીવનકાળ એક સમય માત્ર હો, અને દુર્નિમિત્ત હો, પણ એમ કરવું જ.

ત્યાં સુધી હે જીવ ! છૂટકો નથી.''

આમ નેપથ્યમાંથી ઉત્તર મળે છે, અને તે યથાયોગ્ય લાગે છે.

ક્ષણે ક્ષણે પલટાતી સ્વભાવવૃત્તિ નથી જોઈતી. અમુક કાળ સુધી શૂન્ય સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો અમુક કાળ સુધી સંત સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો અમુક કાળ સુધી સત્સંગ સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો આર્યાચરણ (આર્ય પુરુષોએ કરેલાં આચરણ) સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો જિનભક્તિમાં અતિ શુદ્ધ ભાવે લીનતા સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો પછી માગવાની ઇચ્છા પણ નથી.

ગમ પડ્યા વિના આગમ અનર્થકારક થઈ પડે છે. સત્સંગ વિના ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે. સંત વિના અંતની વાતમાં અંત પમાતો નથી. લોકસંજ્ઞાથી લોકાગ્રે જવાતું નથી. લોકત્યાગ વિના વૈરાગ્ય યથાયોગ્ય પામવો દુર્લભ છે.

''એ કંઈ ખોટું છે ?'' શું ?

પરિભ્રમણ કરાયું તે કરાયું. હવે તેનાં પ્રત્યાખ્યાન લઈએ તો ?

લઈ શકાય.

એ પણ આશ્ચર્યકારક છે.

અત્યારે એ જ. ફરી યોગવાઈએ મલીશું.

એ જ વિજ્ઞાપન.

વિ. રાયચંદના યથાયોગ્ય.

શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત, પત્રાંક ૧૨૮.

અંતરાત્મામાંથી પરિભ્રમણ સંબંધીનો નિષેધ, તે આ પત્રનો વિષય છે. અંતરાત્મામાંથી એટલે ઉપર ઉપરથી નહિ. પરિભ્રમણનો નિષેધ આવે એ નાસ્તિ છે, અસ્તિમાં (પરિભ્રમણનો નાશ થાય તો) મોક્ષની પ્રાપ્તિ થાય. તો પરિભ્રમણનો નિષેધ આવે ત્યારે કાંઈ મોક્ષ ન થઈ જાય પણ મોક્ષ સંબંધીનો નિર્ધાર અવશ્ય થાય. આત્માને મોક્ષ પામવા માટે, આ બે પાયાના પથ્થર (foundation stone) છે, કોઈપણ આત્મા સંસારથી મુકત થયા છે, મોક્ષ પામ્યા છે, પામે છે અને પામશે એ બધા જીવોના પાયાના કામમાં આ બે પ્રકારના પરિણામ અવશ્ય અવશ્ય હોય છે. એક પરિભ્રમણનો અંતરાત્મામાંથી વેદનાપૂર્વકનો નિષેધ અને (બીજો) સંપૂર્ણ શુદ્ધિ અને મોક્ષ પામવા સંબંધીનો નિર્ધાર.

મોક્ષની અત્યારે ખબર નથી પણ જન્મ-મરણ નાશ થવાનો નિર્ધાર. જન્મ-મરણની તો ખબર છે ને ? એ જન્મ-મરણ ન જોઈએ, (અને) મુકત આત્માને જન્મ-મરણ હોતાં નથી, એવો મોક્ષનો નિર્ધાર, નિશ્ચય આ બે પ્રકારનાં પરિણામ કેવાં હોય છે; એનો ચિતાર (એ) આ પત્રનો વિષય છે. એ બન્ને પ્રકારના પરિણામ કેવા હોય છે? અને ત્યારે જ એ આત્મા મુક્તિના માર્ગ સમીપ જવાની તૈયારીમાં આવે છે, પછી મુક્તિનો માર્ગ એને પ્રાપ્ત થાય છે. અને સરવાળે એની મુક્તિ થાય છે.

પહેલી ભૂમિકા મુમુક્ષુની છે; જે મુક્તિના માર્ગની સમીપ જવાની ભૂમિકા છે. પછી મોક્ષમાર્ગમાં પ્રવેશ થાય છે એ સાધકની ભૂમિકા છે, ધર્માત્માની ભૂમિકા છે. એના મુખ્ય બે વિભાગ છે. એક ગૃહસ્થ અને એક ત્યાગી મુનિ.

ત્યારપછી એનું ફળ આવે છે. તે મુક્તદશા છે, કે જે અરિહંત દશા અને સિદ્ધ દશા છે. આપણા માટે આ પ્રયોજનભૂત વિષય છે. અત્યારે આ પ્રકારના પરિણામ જો આપણા અંતરાત્મામાંથી ઉત્પન્ન થાય તો આપણે મોક્ષમાર્ગની સમીપ જવાની તૈયારીમાં આવીએ. અને એ તૈયારીના જેટલા કોઈ પ્રકારના પરિણામ છે એમાં મુમુક્ષુની ભૂમિકામાં જઘન્ય ભૂમિકા, મધ્યમ ભૂમિકા, અને ઉત્કૃષ્ટ ભૂમિકા(ને) પ્રાપ્ત થઈ અને ત્યારપછી મોક્ષમાર્ગના પ્રારંભમાં ચતુર્થ ગુણસ્થાને આવે છે. એ મોક્ષમાર્ગની શરૂઆત છે. પછી ઉપરના ગુણસ્થાનો આપણા આગમોની અંદર પ્રસિદ્ધ છે. ચોથું, પાંચમું, છઠ્ઠું, સાતમું....બાર ગુણસ્થાન સુધી સાધક દશા છે, તેરમે ગુણસ્થાને અરિહંત દશા છે, ચૌદમું ગુણસ્થાન પણ અયોગી કેવળીનું છે. એટલે (કે) મોક્ષદશા, દેહ વિનાની દશા છે. આ અરિહંત દશા દેહસહિતની, સયોગીકેવળીની છે; યોગી, યોગ અર્થાત્ મન, વચન, કાયાનો યોગ. અને સિદ્ધદશા છે એ સિદ્ધાલયમાં અશરીરીદશા છે, દેહ વિનાની મુક્ત દશા છે. એ દશા પામતાં સંસારના સર્વ કલેશ અને સર્વ દુઃખનો નાશ થાય છે. અને અનંતકાળ પર્યંતના અનંત સુખની પ્રાપ્તિ થાય છે. પરમાનંદમાં એ આત્મા બિરાજમાન થાય છે. જગતપૂજયપદ હોવા છતાં પણ અને જગત આખું સચરાચર એમના જ્ઞાનમાં પ્રતિબિંબિત થતું હોવા છતાં પણ એ વીતરાગભાવે પોતાના પરમાનંદમાં બિરાજમાન રહે છે. તો પત્રનો એ મુખ્ય વિષય છે. ત્યારપછી એમણે કેટલાંક સિદ્ધાંત-સૂત્રો લખ્યાં છે, એ પણ બહુ કીમતી સૂત્રો લખ્યાં છે. અને એ રીતે પત્રને સમાપ્ત કર્યો છે.

જેને પત્ર લખવામાં આવ્યો છે એ ખંભાતના ધર્મેચ્છક-ધર્મની ઈચ્છા જેમને હતી એવા ધર્મેચ્છક ભાઈઓ છે. ધર્મની ઈચ્છા કરનારા ધર્મેચ્છક 'ક' એટલે કરનારા. કેટલાક ભાઈઓ ખંભાતની અંદર સામૂહિક રીતે કૃપાળુદેવના પરિચયમાં આવેલા વળી પોતે પણ અવારનવાર સત્સંગ અર્થે ખંભાત પધારતા હતા. છેવટે ખંભાતમાં એમણે એક પાઠશાળા શરૂ કરેલી અને ત્યાં હજુ આજે પણ એ પાઠશાળા ચાલુ છે અને અનેક ગ્રંથો ત્યાં વિદ્યમાન છે. એની કૃપાળુદેવના હાથે સ્થાપના કરેલી છે, જે ધર્મના ઈચ્છાવાળા મુમુક્ષુઓ પરિચયમાં આવેલા, એ પણ આપણા જેવા ગૃહસ્થો હતા, લગભગ આપણી યોગ્યતા જેવા હતા, યોગ્ય ભાવનાવાળા હતા. કોઈ આપણાથી વિશેષ યોગ્યતાવાન પણ હોઈ શકે અંબાલાલભાઈ જેવાં, અંબાલાલભાઈ અને ત્રિભોવનભાઈ કરીને બે મુમુક્ષુઓની દશા કાંઈક, મુમુક્ષુતામાં પણ વિશિષ્ટ દશા, સારી દશા હતી, એમ પત્રો ઉપરથી અનુમાન થઈ શકે છે. આપણી ભૂમિકાના મુમુક્ષુઓને સંબોધન કરીને લખાયેલો પત્ર હોવાથી, આપણા માટે સીધો લાગુ પડે એવો વિષય છે. એટલે કે એકદમ પ્રયોજનભૂત, સીધો પ્રયોજનભૂત વિષય છે. એટલું આ પત્રનો સ્વાધ્યાય કરતાં આપણા લક્ષમાં હોવું જોઈએ કે આ મારે કામની ચીજ છે.

એ સ્પષ્ટતા એટલા માટે જરૂરી છે કે સ્વાધ્યાયમાં તો અનેક વાતો આવે, મુમુક્ષુની ભૂમિકાની આવે, જ્ઞાનીઓની ભૂમિકાની આવે, મુનિઓની વાત આવે, મુનિ દશાની વાત આવે, કેવળજ્ઞાનીઓની, તીર્થંકરોની વાત આવે, પણ ઉપરની દશાઓની (વાત) આપણી ભાવનાની હોવી જોઈએ. ઉપરની દશાનો વિષય ચાલે તે આપણી ભાવનાનો વિષય થવો જોઈએ કે આપણને પણ તેવી દશા પ્રગટ થાય તો કેવું સારું ! અને આપણને લાગુ પડે એવો જે વિષય હોય એના ઉપર તો આપણું એકદમ લક્ષ કેન્દ્રીત થઈ જવું જોઈએઃ કેન્દ્રીત થઈ જવું જોઈએ એટલું જ નહીં, એ ઉપરાંત એ ભૂમિકામાં આપણો પ્રવેશ થાય એ પ્રકારનાં પરિણામો ચાલુ થઈ જવાં જોઈએ. તો સ્વાધ્યાય યથાર્થ રીતે કર્યો ગણાય.

હમણાં આગ્રામાં થોડો વિષય ચાલ્યો હતો. બે દિવસ આગ્રા જવાનું બન્યું હતું. તો વિષય એ ચાલ્યો કે આપણે ખાલી સ્વાધ્યાય કરીને જે વચનો હોય એનો અર્થ સમજી લઈએ, અને એનું રટણ કરીએ, વારંવાર એને વાંચીએ, સાંભળીએ તો તે એક Routine થઈ જશે જ્યારે આપણે આ વિષયને Routine (રૂઢિ) નહીં બનાવવો જોઈએ. આપણને લાગુ પડે એ ભૂમિકાનો વિષય, આપણે સ્વાધ્યાયમાં લઈને એનું પરિણમન આપણને ચાલુ થાય

એવો કોઈ આપણો પ્રકાર સ્વાધ્યાય દરમિયાન અથવા સ્વાધ્યાય પછીના તરતના સમયમાં હોવો જોઈએ કે થવો જોઈએ તો એ સ્વાધ્યાય ખરેખર સ્વાધ્યાય કર્યો ગણાય, નહિતર એ (રૂઢિ) થઈ જશે.

પર્યુષણ પૂરાં થયાં છે એટલે શરૂઆતની બે લીટીમાં ખંભાતના ભાઈઓને એમણે ક્ષમાપના લખી છે કે, ''**પ્રથમ સંવત્સરી અને એ દિવસ પર્યંત સંબંધીમાં કોઈ પણ પ્રકારે તમારો અવિનય, અશાતાના, અસમાધિ મારા મન, વચન, કાયાના, કોઈ પણ યોગાધ્યાવસાયથી થઈ હોય તેને માટે પુનઃ પુનઃ ક્ષમાવું છું**.'' પોતે જ્ઞાનીપુરુષ છે. જેને પત્ર લખ્યો છે એ મુમુક્ષુ છે. તેમ છતાં ક્ષમાયાચના એમણે લખી છે. જોકે જૈનદર્શનમાં આ ક્ષમાપનાના વ્યવહારની પદ્ધતિ પ્રથમથી જ છે, જ્યારથી સંપ્રદાય છે ત્યારથી (છે) અને એ અનાદિથી છે.

બધા સંપ્રદાય અનાદિથી છે કોઈ સંપ્રદાય નવા નથી કે જૂના નથી કેમકે જગતમાં અજ્ઞાની જીવો પણ અનાદિથી છે અને જ્ઞાની જીવો પણ અનાદિથી છે અને બન્નેના સંપ્રદાય ચાલે છે એટલે પૌરાણિકતા ઉપરથી કયો સંપ્રદાય સાચો એનો નિર્ણય કરવાની કોઈ જરૂર નથી. નહીતર લૌકિકમાં અત્યારે (લોકો) એમ માને છે કે મહાવીરસ્વામીને ૨૫૦૦ વર્ષ થયાં એટલે જૈન સંપ્રદાય તો ૨૫૦૦ વર્ષ જૂનો છે. બાકી બીજા ઘણાય સંપ્રદાય જૂના છે એ બધાય સાચા હોવા જોઈએ, એના કરતા જૂના છે એટલા માટે, પરંતુ એવું નથી.ચોવીસમા અંતિમ તીર્થંકર તો ૨૫૦૦ વર્ષ પહેલાં થયા એ પહેલાં એક કરોડ સાગર વર્ષ (ગુણ્યા) એક કરોડ સાગર વર્ષ, ત્યારે આદિનાથ ભગવાન પહેલાં વેલા થયા. સાગરનું માપ બહુ મોટું છે, એ આ વર્તમાન ચોવીસીની વાત છે. એવી તો અનંતી ચોવીસી થઈ ગઈ. આ ભરતક્ષેત્રમાં એવી તો અનંતી ચોવીસી થઈ ગઈ. વિશ્વમાં અનંતકાળથી જૈન-ધર્મ ચાલે છે અને જૈન ધર્મ સિવાયના બીજા ધર્મો પણ અનંતકાળથી ચાલે છે, એ વિશ્વની કુદરતી વ્યવસ્થા છે.

અહીંયાં તો આપણે એટલું લેવું છે કે જ્ઞાની કે મુમુક્ષુ જગતના સર્વ જીવો પ્રત્યે ક્ષમાપના ઈચ્છે છે. 'ખામેમિ સવ્વ જીવા' એટલે મુમુક્ષુ એમાં આવી જાય અને જ્ઞાનીઓ એમાં આવી જાય અને જગતના પરિભ્રમણ કરતાં નિગોદના એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય પર્યંતના બધા જીવો આવી જાય. એમ કેમ? આ એક બહુ કુદરતી ઉત્પન્ન થતો ભાવ છે. જે આત્માને સંપૂર્ણ નિર્દોષ થવું છે એ કોઈના પ્રત્યે કાંઈ પણ અનુચિત્ત/દોષિત વ્યવહાર કરવા ઈચ્છતો નથી. કારણ કે પોતાને સંપૂર્ણ નિર્દોષ થવું છે ને !

જૈનદર્શન એ સંપૂર્ણ નિર્દોષ થવાની કાર્યપદ્ધતિ છે. શું ? જૈનદર્શન શું છે ? સંપૂર્ણ નિર્દોષ થવાની કાર્યપદ્ધતિ છે. આપણા જ્ઞાનીઓએ એ દોષોને કેવી રીતે વ્યવસ્થિત રીતે હટાવવા, કાઢી નાખવા અને કેવી રીતે સંપૂર્ણ નિર્દોષ થવું ? એની વ્યવસ્થિત યોજના, મુમુક્ષુની ભૂમિકાની અને સાધકની ભૂમિકાની પ્રસિદ્ધ કરેલી છે. કૃપાળુદેવે તો મુમુક્ષુની ભૂમિકા ઉપર ઘણો પ્રકાશ પાડ્યો (છે.) બાકી, જે પુરાણ અને આગમો છે એમણે મોક્ષમાર્ગ ઉપર ઘણો પ્રકાશ પાડ્યો છે, મુમુક્ષુની ભૂમિકા ઉપર જેટલો પ્રકાશ કૃપાળુદેવે પાડ્યો છે, એટલો અન્યત્ર જોવામાં નથી આવતો.

(એટલે અહીંયાં) એવો ભાવ આવ્યા વિના રહેતો નથી કે મારા આત્માના પરિણામના નિમિત્તે એટલે યોગાધ્યવસાયથી એને યોગાધ્યવસાય કહે છે મન, વચન, કાયાનો યોગ છે. જીવના પરિણામ એ અધ્યવસાય છે. બન્નેની નિમિત્તનૈમિત્તિક સંબંધી પ્રવૃત્તિ થાય છે અને એ પ્રવૃત્તિના નિમિત્તે બીજા જીવોને દુઃખ થવાનું કારણ ઉત્પન્ન થાય છે. કોઈ જીવોની હિંસા થાય છે, તો કોઈ જીવોને પીડા થાય છે, કોઈ જીવોને થાય છે, તો કોઈ જીવોને કાંઈ ને કાંઈ પ્રકારનું દુઃખ થાય છે. નહિ ઈચ્છવા છતાં પણ થાય અને કેટલુંક ઈચ્છાપૂર્વક પણ થાય છે. બન્ને પ્રકારના ભાવો અને પરિસ્થિતિ ઉત્પન્ન થાય છે. ક્ષમાપના માંગનાર અંતઃકરણથી, શુદ્ધ અંતઃકરણથી એવી કોઈ પરિસ્થિતિને અંતરથી ઈચ્છતો નથી, એવી એક લાગણી અંદરથી ઉત્પન્ન થાય છે, એમાંથી આ વ્યવહારનો જન્મ થયો હશે એમ આપણે માનીએ. બાકી એકવાર તો એવી લાગણી ઉત્પન્ન થયા વિના રહેતી નથી, પછી મુમુક્ષુની

ભૂમિકાની ગાડી આગળ ચાલે છે, કે મારાં મન, વચન, કાયના, યોગના નિમિત્તે અને મારા કોઈ પરિણામના નિમિત્તે કાંઈ કરવું, કરાવવું કે અનુમોદવું નવ કોટિએ, કૃત-કારીત અનુમોદના અને મન, વચન ને કાયાથી ત્રણેયને (એકબીજા સાથે) ત્રણથી ગુણો નવમાં કોઈપણ પ્રકારે કોઈ જીવને મારાથી દુઃખ થવું ન જોઈએ એમ હું ચાહું છું, ઈચ્છું છું અને કદાચ થઈ ગયું હોય, જાણ્યે કે અજાણ્યે તો એની હું ક્ષમા માગું છું. ક્ષમા માંગવાથી જીવ હળવો થઈ જાય છે. કેવો થઈ જાય છે ? સાવ હળવોફુલ થઈ જાય છે. એકદમ હળવો થઈ જાય છે.

એને જરા વધારે સ્પષ્ટ કરીએ તો બુદ્ધિપૂર્વક, સમજણપૂર્વક ઉદયની અંદર રાગ-દ્વેષ-મોહના પરિણામ બધા સંસારી જીવોને થાય. થાય ત્યારે કોઈને ને કોઈને દુઃખ થાય છે One cannot please all-કોઈ(એક) બધાને ખુશ રાખી શકે એવી પરિસ્થિતિ છે જ નહીં. ત્યારે જે જીવોને દુઃખ થયું હોય, એમાં કોઈ વાર પોતાની ભૂલ એવી થાય છે કે હું બરાબર હતો, એને દુઃખ થયું એમાં હું શું કરું ? હું મારી જગ્યાએ બરાબર હતો. એને દુઃખ થયું પણ ભૂલ તો એની જ છે, મારી ભૂલ નથી. જીવનમાં એવાં-એવાં-પ્રકારો બને છે, અનેક પ્રકારો બને છે. એને લઈને જીવમાં અમુક ગ્રંથિ બંધાય છે, જેને શાસ્ત્રભાષામાં શલ્ય કહેવામાં આવે છે, શલ્ય રહી જાય છે. એ શલ્ય ન રહે એના માટે આ ઉત્તમ કોટિનો ક્ષમાપનાનો વ્યવહાર છે, કોઈના પ્રત્યે કાંઈ શલ્ય રાખવાની જરૂર નથી. જગતમાં અયોગ્યતાવાન જીવો અને યોગ્યતાવાન જીવો, બધી કક્ષાના જીવો હોય, બધા પ્રકારના પરિણામવાળા જીવો હોય, આપણે કોઈની સાથે કાંઈપણ પ્રકારની ગ્રંથિ સંબંધ કે શલ્ય રાખવાની આવશ્યકતા નથી આપણે મુક્તિના માર્ગે જવું છે ને એ રસ્તે આપણે આગળ ચાલ્યા જવું છે એમાં મનમાં કે અભિપ્રાયમાં કોઈના પ્રત્યે કાંઈ પણ રાખવું નહીં, કે આ તો આવા જ છે, આ તો આવો જ છે, આ તો આવી જ છે, કાંઈ નહીં, જે જેવા હોય તેવા આપણે એની સાથે કાંઈ નિસ્બત નથી. જગતમાં તો બધી જાતના જીવો હોઈ શકે, આપણે આપણાં તરફથી ક્ષમા માંગી લઈએ, એટલે આપણી વાત પૂરી થઈ ગઈ.

એટલે કોઈ પણ પ્રકારનો અવિનય થયો હોય (તો ક્ષમાપના માંગી લેવી) કેમકે આ પત્ર લખે છે ત્યારે કૃપાળુદેવની ઉંમર તો ૨૩ વર્ષની છે, એમના પરિચયમાં મોટી ઉંમરના માણસો આવતાં એમનાથી ઘણી મોટી ઉંમરના માણસો આવતા હતા. સૌભાગ્યભાઈ પરિચયમાં આવ્યા એ એમનાથી લગભગ ૪૪ વર્ષ મોટા હતા. એમની ૬૭ વર્ષની ઉંમર હતી ૪૪ વર્ષ મોટા હતાં. મોટા પ્રત્યે, કે વડીલ પ્રત્યે - (એક) વ્યવહાર હોય છે, એ વ્યવહાર ન જળવાય તો એને એમ લાગે કે મારો વિનય નથી રાખતા. ઉંમરમાં આ છોકરડા જેવા છે અને આપણે આટલા મોટા, એમ લાગે. તેથી કોઈ અવિનય થયો હોય, અશાતના થઈ હોય, કાંઈ અશાતના-વિરોધ કર્યો હોય, કાંઈ અસમાધિ એટલે અશાંતિનું કારણ બન્યું હોય દુઃખનું કારણ, અશાંતિનું કારણ બન્યું હોય, તો વારંવાર તેને માટે ક્ષમા યાચું છું. એમ કરીને ક્ષમાપનાની બે લીટી લખી છે.

હવે પત્રનો વિષય શરૂ થાય છે. ''**અંતર્જ્ઞાનથી સ્મરણ કરતાં એવો કોઈ કાળ જણાતો નથી વા સાંભરતો નથી કે જે કાળમાં, જે સમયમાં આ જીવે પરિભ્રમણ ન કર્યું હોય, સંકલ્પ-વિકલ્પનું રટણ ન કર્યું હોય, અને એ વડે 'સમાધિ' ન ભૂલ્યો હોય.**''

''**અંતર્જ્ઞાનથી સ્મરણ કરતાં...**'' એટલે અંતરાત્માંથી સ્મરણ આવ્યું છે. ભૂતકાળનો વિષય છે એટલે સ્મરણમાં લીધું છે. પરિભ્રમણની ચિંતામાં પોતાનો ભૂતકાળ છે એનું સ્મરણ આવે છે અને એ અંદરથી આવે છે, ઉપર ઉપરથી નથી આવતું. સાંભળીને, વાંચીને વિચાર કરે છે એમ નહીં પરંતુ અંદરથી એ આત્માને સ્ફુરણા આવે છે. આ જીવે એટલે મારા આત્માએ 'આ જીવ' શબ્દ વાપર્યો છે ને ! આ જીવ એટલે કોઈ third person/ second person નથી લેવાનું, First person ની વાત છે) મારા આત્માએ ભૂતકાળની અંદર જન્મ-મરણ ન કર્યા હોય અને મુક્ત થયો હોય એવો (કોઈ) કાળ જણાતો નથી. જન્મ-મરણ કરતો જ આવ્યો છે, જન્મ-મરણ

કરતો જ આવ્યો છે. પરિભ્રમણ કર્યું છે એટલે ચૌદ બ્રહ્માંડમાં બધા ક્ષેત્રે જન્મ પામ્યો છે અને એકેન્દ્રિયથી પંચેન્દ્રિય પર્યંતના ચારે ગતિના ભવો કર્યા છે.

આપણને દેખાય કે ન દેખાય પણ આ એક visualise કરવા જેવો વિષય છે કે આ વિશ્વની અંદર એક બહુ મોટુ cyclone ચાલે છે. cyclone જેને કહેવામાં આવે છે આપણે ત્યાં આ જે વાવાઝોડું થાય છે એમાં પહેલા light જાય છે. અંધારું થઈ જાય છે, વરસાદ અને પવન (જોરથી શરૂ થાય), ઝાડો પડવા લાગે, મકાનો પડવા લાગે, અને બધો વ્યવહાર ખોરવાઈ જાય. બધે પાણી ભરાઈ જાય, ક્યાંય પણ problems ન હોય એટલે અનેક જાતના આપણા problems ઊભા થાય. થોડાક કલાક (વાવાઝોડું) ચાલે તો બધા થાકી જઈએ. પણ જો થોડાક દિવસ ચાલે ને તો તો ત્રાહિમામ પોકારી જઈએ.

અમારે ત્યાં ભાવનગરમાં દસેક વર્ષ પહેલાં સૌરાષ્ટ્રના કિનારે વાવાઝોડું થયું હતું વાવાઝોડું એક દિવસ ૨૪ કલાક પણ પૂરું નહોતું ચાલ્યું, બપોર પછી ત્રણ/ચાર વાગ્યે શરૂ થયું હતું. આખી રાત પવન, વરસાદ ને વાજડી. બધુ ચાલ્યું. બીજે દિવસે બપોર સુધીમાં લગભગ ઠંડું થયું પણ માણસો ત્રાસ-ત્રાસ પોકારી ગયા; કારણ બધું અસ્તવ્યસ્ત, થઈ જાય; ઘરની બહાર નીકળી શકાય નહીં. દુકાનો તો ફટાફટ બંધ થવા મંડી, બપોરે જેવું શરૂ થયું એ ભેગું announcement આવવા મંડ્યું કે આ બહુ મોટું તોફાન છે અને બધા સહીસલામત ઘરે પહોંચી જાવ, અને ઘરમાં ભરાઈ જાવ. ઘરમાં ભરાયા પછી કંપાઉન્ડમાં આજુબાજુના કયા ઝાડો પડશે અને કયું મકાન દૂબાશે એ ફફડાટ (થયા કરે) ફફડાટ, ફફડાટ ચાલુ ને ચાલુ.

આ અનંતકાળનું વાવઝોડું ચાલે છે જુઓ !! એક સેકન્ડમાં અસંખ્ય જીવો, અનંત જીવો પ્રાણત્યાગ કરીને મરે છે, એક સેકન્ડમાં બીજા એ ને એ જન્મે છે. ક્યાંયના ક્યાંય ફંગોળાય છે. આપણે તો હજુ ઘરમાં ભરાઈને બેસી રહીએ, બારી-બારણા બંધ કરીને બીતાં બીતાં પણ થોડીઘણી સહીસલામતી અનુભવીએ કે ચાલો ઘરમાં તો છીએ, રસ્તા ઉપર તો નથી, ટ્રેનમાં તો નથી, પ્લેનમાં તો નથી. કે કોઈ બહાર વાહનમાં તો નથી. આમાં તો કોઈ સંરક્ષણ મળે એવું છે જ નહીં. અહીંયાં આંખ મીંચાણી કે ક્યાં ફેંકાઈ ને ગયો એનો પત્તો નથી. કોઈનું address હાથમાં આવતું નથી. સરનામું મળે છે કોઈનું ? કોઈનું ન મળે ફેંકાફેંક, ફેંકાફેક ચાલે છે; બહુ મોટું વાવાઝોડું ચાલે છે. અને જીવો ફેંકાતા જાય છે. જન્મે છે ત્યારે એટલો દુઃખી થાય છે ! મરે છે ત્યારે પણ એટલો જ દુઃખી થાય છે અને વચલાગાળામાં પણ એને કયાંય શાંતિ અને સુખ નથી. અજંપો, અજંપો, પીડા-બાધા, કાંઈક પ્રકારનાં દુઃખો આવી પડે છે. અહીંયાં એ બધાં દુઃખોનું સ્મરણ થાય છે, આ મારી હાલત પરિભ્રમણમાં થઈ છે અને આમાંથી હજી હું મુકત નથી થયો.

અનંતકાળમા એવો કોઈ કાળ નથી કે આ cycloneની અંદર હું વચ્ચે સપડાયો નથી, અત્યારે ભલે પાંચ/પચીસ/પચાસ વર્ષ આ ખબર નથી, એટલે ખોટું સમાધાન કરી લે શાંતિ રાખે, કે નાના આપણને વાંધો નથી. પણ મૃત્યુનો ભય તો બધા સંસારી જીવોના કાળજાને કોરી જ ખાય છે. સમયે સમયે કાળજામાં બેઠેલો ભયનો ઉંદર કાળજુ કોરે છે. કયારે શું થશે કંઈ કહેવાય નહીં કેમકે એવા પ્રસંગો જોવામાં આવે છે. કે કાંઈ નો'તુંને મૃત્યુ થઈ ગયું. એટલે એમાંથી બચવા માટે વિચારવાન જીવો વિચાર કરે છે અને જ્યારે વિચાર કરે છે ત્યારે એનો very first thought –પહેલો વિચાર આ છે કે અરેરે ! મારા આત્માએ અનંતકાળથી પરિભ્રમણ કર્યું છે, એ પરિભ્રમણનું કારણ શું ? સંકલ્પ-વિકલ્પ. પહેલા સંકલ્પ-વિકલ્પથી ભાવ ભ્રમણ થાય છે એના ફળમાં પછી જન્મ-મરણ થઈને દ્રવ્ય પરિભ્રમણ થાય છે. પહેલા ભાવ પરિભ્રમણ કરે છે. અહીંયાં ગયો, અહીંયાં ગયો, અહીંયાં ગયો, એક સેકન્ડમાં અમેરિકામાં જાય, વાર લાગે છે? એવું અહીંથી જતા પણ વાર નહીં લાગે અહીંથી પ્રાણ છૂટતાં જ, ત્યાં પહોંચવામાં વાર નથી લાગતી, એક સેકન્ડેય નથી લાગતી/ વિચારને તો હજી સેકન્ડ લાગે છે, જીવને પહોંચવામાં (એક) સેકન્ડ પણ લાગતી નથી. ત્યાં તો એક, બે સમયમાં ઉત્પન્ન થઈ જાય છે. અહીં તો હજી નક્કી કરે, ન કરે એ

પહેલાં તો ત્યાં પહોંચી ગયો. અહીં તો ડૉક્ટર કહે ત્યારે પાકું થાય ને કે હવે જીવ નથી. ત્યારે તો કેટલી મિનિટો વહી ગઈ હોય, સેકન્ડો નહીં. આપણું વિજ્ઞાન એમ બોલે છે કે કોઈ પણ પ્રાણી દેહત્યાગ કરે છે ત્યારે બીજા જ સમયે ઉત્પન્ન થઈ જાય છે, એક સમય વચ્ચે વિગ્રહગતિનો છે. કોઈને બે સમય છે, કોઈને ત્રણ સમય છે, પણ એ તો એક સેકન્ડના અસંખ્યાતમા ભાગ છે બધા, કેટલા ? કરોડમા ભાગ નહીં, અબજમા ભાગ નહીં, અસંખ્યમાં ભાગ છે ! એટલો ટૂંકો કાળ છે.

હવે આ જે કુતૂહલવૃત્તિ છે ને ! આ જોવું ને તે જોવું; આ જોવું ને તે જોવું. (એમાં) પહેલાં ભાવપરિભ્રમણ કરે છે. નાયગ્રાનો ધોધ જોવા જાવું કે ન જાવું ? હે ! જાવું હોય તો કેનેડાનો પાસપોર્ટ કઢાવવો પડે, એની fees આપી દેવી પડે. પણ ભાવે ભ્રમણ કરશો તો દ્રવ્યે ભ્રમણ થાશે તે સમજી લેવાનું. ત્યાં જાવું હોય તો (જોવા) જાવું. અત્યારે ભાવથી ને પછી દ્રવ્યથી આયુષ્ય એવી રીતે બંધાઈ જાય છે, પોતાને ખબર પડતી નથી કે મારું નવું આયુષ્ય ક્યારે બંધાઈ ગયું ? અને એનો ઉદય કયારે શરૂ થશે એની પોતાને ખબર નથી હોતી અને જીવને સામાન્ય લાગે છે, એમાં શું ? અમેરિકા જઈએ ત્યારે, નાયગ્રાનો ધોધ તો જોવો જ જોઈએ ને ! દુનિયાની અજાયબી છે, નાયગ્રા સુધી તો જાવું જ જોઈએ ને. એ લોકો પણ સગવડ કરી દે છે, ૫૦ ડોલરમાં તો આપણને લઈ જાય છે વુઝા ટિકિટમાં લઈ જાય છે ને ! જાય બધા. હા. એ વખતે જ જો આયુષ્ય બંધાઈ ગયું (તો) તું ત્યાં પાણીનો જીવ થઈશ. એ પાણીમાં અનેક જાતિનાં જીવો છે. એમાં એકાદો થાય, એ વખતે આયુષ્ય બંધાણું હશે તો. ત્યારે એમાં કુતૂહલવૃત્તિમાં મજા આવે, ભલે ટાઢે ઠરતાં ઠરતાં પણ. કુતૂહલવૃત્તિમાં મજા આવે પણ નુકસાન કેટલું છે ? આપણને એના સાયન્સની ખબર નથી. આપણને એના વિજ્ઞાનની ખબર નથી. કે, આમાં જીવ અને પરમાણુના વિજ્ઞાનથી બધા કેવા-કેવા રીફરકેશન ઊભા થાય છે? એના ફળ શું આવે છે? એ કંઈ આપણને ખબર નથી એટલે (આપણે) આપણી રીતે બધી કલ્પના કરી અને સુખદુઃખની કલ્પના કરી, ને જીવીએ છીએ અને સરવાળે આપણું પરિભ્રમણ ચાલુ રહે છે.

એ દુઃખથી મુકત થવાની અંતર ઇચ્છા જેને થઈ છે તેને અંતર્જ્ઞાનથી સ્મરણ આવે છે અંદરના વિકલ્પથી સ્મરણ આવે છે એવું કૃપાળુદેવે નથી લખ્યું; પરંતુ અંતર્જ્ઞાનથી સ્મરણ આવે છે, એના શ્રુતજ્ઞાનમાં એ ભાવ આવે છે, અરે ! મારાં જીવે (આવાં દુઃખો ભોગવ્યા છે !) (એ) કરે છે, પરિભ્રમણને કરે છે, પરિભ્રમણના દુઃખોને જોવે છે અને આખું (વાવાઝોડુ) જોવા મળે છે અને અહાહા? અહાહા !! આ જગતમાં મોટો વંટોળ ચાલે છે જીવોની ફેંકાફેંકી થઈ રહી છે. આપણી પણ આમ જ થઈ રહી છે. આ ન જોઈએ; હવે આ ન જોઈએ. હવે આ ન જોઈએ, કોઈ પણ ભોગે ન જોઈએ, એ વાત કરશે. ''**અને એ વડે 'સમાધિ' ન ભૂલ્યો હોય**'' (એ) આત્મશાંતિને ભૂલ્યો છે. કોઈ ને કોઈ બહાને આત્મશાંતિને ભૂલ્યો છે, સંકલ્પ-વિકલ્પ કરતાં કરતાં કયાંક ને કયાંક એણે માનસિક શાંતિની કલ્પના કરી છે અને પોતાની આત્મશાંતિને ભૂલ્યો છે. વળી તકલીફ એ થાય છે (કે) માનસિકશાંતિમાં કોઈવાર જીવ આવે છે ત્યારે એને આત્મશાંતિના વિષયથી વધારે દૂર થવાનું બની જાય છે,

(એક મુમુક્ષુભાઈએ) વિપશ્યના ધ્યાનની શિબિરો કરી હશે શું ? મને કહે 'બહું સારું લાગે છે, ફરી ફરીને જવાનું મન થાય, શાંતિ રહે છે, (વળી) બીજું કાંઈ નહીં, (તો) વ્યવહારમાં પણ થોડીક સરળતા આવે છે, નમ્રતા આવે છે, આવો પણ થોડો ફાયદો થાય છે ! (મેં કહ્યું) જુઓ ભાઈ ! એ જે કેન્દ્રો ચાલે છે એ બૌદ્ધધર્મના અનુયાયીઓનો ચાલે છે. કોનો ચાલે છે? ચોવીસમા તીર્થંકરભગવાન મહાવીરસ્વામી થયા એ વખતે સમકાળે ગૌતમ બુદ્ધ થયા, જેમણે આ ધર્મ પ્રવર્તાવ્યો. લગભગ સમકાલીન છે - ૨૫૦૦ વર્ષ પહેલાં, હવે તીર્થંકરના માર્ગ કરતાં પણ કોઈ ધર્મમાં વધારે ધર્મસાધન સારું હોય એવું તમે કેવી રીતે કલ્પો છો ? કાંઈ બીજી તો વાતચીત કરવાનો બહુ પ્રસંગ નહોતો, કંઈ ટાઈમ પણ નહોતો, અને છેલ્લે દિવસે દસ/પંદર મિનિટ માટે બેઠા હતા. જેને

ત્યાં ઊતરીએ ત્યાં તો ધમાલ ઝાઝી હોય એને વાતચીત કરવાનો (ક્યાં સમય મળે ?) બધાને સાચવે કે વાત કરે શું ? એટલે એમાંને એમાં ટાઈમ જાય. છેલ્લે છેલ્લે જતાં પહેલાં (કહે કે બેસીએ થોડીવાર) કેમ કરવું ? વાત તો ઊંડી છે ને લાંબી છે. તો ઓછામાં ઓછું એટલું વિચારો કે સર્વજ્ઞ વીતરાગ જિનેન્દ્ર પરમાત્મા તીર્થંકરદેવે જે માર્ગ કહ્યો એનાથી કોઈ છદ્મસ્થ જીવ વધારે ધર્મસાધન બતાવી શકે ખરા? પહેલાં તો આપણે એક મર્યાદા રાખવી રહી કે જિનેન્દ્ર પરમાત્માના માર્ગ સિવાય મારે ધર્મ સાધન બીજે કયાંય ગોતવા જવાનો પ્રશ્ન હોઈ શકે નહીં, કેમકે એ વીતરાગ પણ હતા અને સર્વજ્ઞ પણ હતા. એમનાથી કાંઈ અજાણ્યું ન હતું. વિશ્વમાં એથી આગળ કોઈ ગયું નથી. જઈ શકે એવી પરિસ્થિતિ પણ નથી. એમણે નિર્દોષતાની ચરમસીમા પ્રાપ્ત કરી છે અને અનુભવ કરીને માર્ગ બતાવ્યો છે (તો) જિનમાર્ગ છોડવો નહીં એટલું તો નક્કી રાખવું. બાકી આમાં તો guranteed વાત છે, સારું છે કે, અમારા (પિતાશ્રીનો) આ સંપ્રદાય નથી એટલે અમે પક્ષપાત કરીએ છીએ એવો કોઈ આરોપ જ ન કરી શકે. નહિ તો એમ કહે કે તમારા બાપાએ એ કર્યું એટલે તમે તો એનું જ કહો ને ! અમારા પિતાશ્રીનું (કુળધર્મ વૈષ્ણવ એટલે) કુદરતી બીજી રીતે આવવાનું થયું. અમારી તો આ પક્ષપાત વગર વાત છે અને એ બધુ તપાસ્યા પછી, ગોત્યા પછી, માથાફોડ કર્યા પછી, માથું બધે માર્યા પછી આ નક્કી કરેલી વાત છે કે જિનમાર્ગ જેવો માર્ગ આ વિશ્વમાં બીજો કોઈ નથી. જેમ એક મ્યાનમાં બે તલવાર ન હોય, કૃપાળુદેવે કહ્યું ને, એમ આ વિશ્વમાં બે જૈન ન હોઈ શકે. એટલે જૈનની બરાબરીમાં કોઈ ન હોઈ શકે એટલે તો એમણે ટીકા પણ કરી છે કે જૈન સંપ્રદાયમાં આટલા વાડા છે એ આપણી કરુણાજનક સ્થિતિ છે. 'એક હોય ત્રણકાળમાં, પરમારથનો પંથ' એક જ માર્ગ હોય, એક જ પદ્ધતિ હોય, બે પદ્ધતિ હોઈ શકે જ નહીં, કામ કરવાની પદ્ધતિ એક જ હોઈ શકે. કેમકે આ તો absolute science છે, વિજ્ઞાન છે, આ કોઈ રૂઢિ, કે ધર્મરિવાજ કે orthodoxy કે અંધશ્રદ્ધા થોડી છે ? અર્થાત્ એવું કાંઈ નથી.

પ્રશ્ન : અન્ય ધર્મનો તુલનાત્મક અથવા પરીક્ષા દ્રષ્ટિથી અભ્યાસ કરવો કે નહિ ?

સમાધાન : એટલી શકિત, એટલી યોગ્યતા અને એટલો સમય ત્રણ ચીજ હોય તો, નહીંતર આવા કૃપાળુદેવ જેવા જ્ઞાનીપુરુષને અનુસરવું. એટલા માટે કે (એ) અતિ બુદ્ધિશાળી હતા, કેવા હતા? આપણે લોકો એમની પાસે કાંઈ નથી, એમ સમજી લ્યો intelligencyની દ્રષ્ટિએ જોઈએ તો કૃપાળુદેવે જે ૧૭મે વર્ષે શતાવધાન કર્યા (અને) એમ કીધું કે સહસ્રાવધાન કરવા હોય તો મારા ડાબા હાથનો ખેલ છે. એટલે એમની પાસે (આપણી) બધાની બુદ્ધિ પાણી ભરે, એ વાત નક્કી છે. અને એ તો એમના વચનો વાંચે તો ગમે એવો બુદ્ધિશાળી હોય એ ઊભો રહી જાય, એક વાર તો ઊભો રહી જાય, કે મારાં જીવનમાં આ વાત મેં વિચારી નથી. એવી કોઈ વાત આ કરે છે અને એ વાત કરનાર છે કોઈ, મારા કરતાં આગળ. એ વાતનો વિશ્વાસ અને ખાતરી થઈ જાય, સારું છે કે આપણા નસીબે આ સાહિત્ય રહી ગયું છે એટલે ખાતરી થઈ જાય. બરાબર! પછી શું કરવા માથું મારવું? હા, એના કરતાં વધારે બુદ્ધિ હોય, એમના કરતાં વધારે સમય હોય, અને વળી યોગ્યતા હોય ! યોગ્યતામાં શું (કે) એક જોરદાર તર્ક આવે ને કે આપણો તર્ક bowled થઈ જાય ક્રિકેટમાં જેમ દાંડી ઊડી જાય એવી રીતે આઉટ જ થઈ જાય કેમકે આ તો બૌદ્ધિકસ્તર ઉપર એટલી બધી વાતો છે. ફીલોસૉફીની અંદર, અન્ય ધર્મમતોમાં પણ (એટલી બધી વાત છે કે) કે તમે પૂર્ણ જૈનધર્મની ફીલોસૉફી સમજ્યા ન હો, એવી પૂરી સમજ્યા ન હો, અધકચરા હો, (અને) એમાં એકાદ જોરદાર વાત આવી જાય એટલે તમને એમ જ થાય કે આ બરાબર છે, જૈનદર્શનને મૂકો પડતું. આ લોકો બહુ સારી વાત કરે છે.

હમણાં આપણા એક મુમુક્ષુ રમણ મહર્ષિનું પુસ્તક લઈને કલકત્તામાં આવ્યા હતા. મને કહે કે આની અંદર એટલું સરસ અધ્યાત્મ છે એટલું સરસ અધ્યાત્મ છે. અને આજે પણ કૃપાળુદેવના ઘણા અનુયાયીઓ રમણ

મહર્ષિના પુસ્તકો વાંચે છે, ત્યાં પોંડીચરી સુધી આંટા પણ મારી આવે છે. શું ? બહુ સરસ છે, આપણા જેવું જ આધ્યાત્મ છે અને કૃપાળુદેવ (જેવી) ઘણી વાત ને જૈન ધર્મના ઘણા સિદ્ધાંતોનો મેળ ખાય છે. પણ (મેં કહ્યું) એક સવાલ પૂછું? લાંબીચોડી ચર્ચાનો આપણી પાસે સમય પણ નથી. સર્વજ્ઞ, વીતરાગ, તીર્થંકર જિનેન્દ્રદેવ અને એમનો માર્ગ આ વિશ્વમાં પ્રસિદ્ધ છે. એમનું સાહિત્ય અને આગમો પણ પ્રસિદ્ધ છે. કૃપાળુદેવ જેવા એમના અનુયાયીઓ જ્ઞાનીપુરુષો પણ પ્રસિદ્ધ છે. આ બધું હોવા છતાં (એમણે) જિનેન્દ્રદેવનો સ્વીકાર કર્યો છે કે નથી કર્યો? એ કહો. (તો કહે) કે, ક્યાંય એમને સ્વીકાર્યા તો નથી, જિનેન્દ્ર પરમાત્માને સ્વીકાર્યા નથી. સાધકને સ્વીકારવા તો બહુ મુશ્કેલ છે, બહુ કઠણ પડે એવી વાત છે. કેમકે એ (તો) બધી પ્રવૃત્તિ ઘણી કરે, એ પણ (કૃપાળુદેવ) દુકાને જઈને બેસતા હતા. ટાઈમ થાય ત્યારે ઝવેરી બજારની દુકાને જઈને બેસતા હતા. રૂપિયા કમાવા માટે જતા હશે ને ત્યાં બીજું શું કામ હોય ? એમને રૂપિયાની જરૂરત, તો પડતી હશે ને ? અને ઘરે બૈરાં – છોકરાં હતાં. તો આ બધો જે સંસાર તો છે, ખાલી વાત કર્યેથી શું કામ આવે ? (એ પ્રકારે શંકા કરે) પણ જિનેન્દ્ર પરમાત્મા તો એવા છે (કે) ત્યાં ક્યાંય આંગળી મૂકવાની પણ જગ્યા નથી, ને આંગળી ચીંધવાની પણ જગ્યા નથી, એવા નિર્દોષ પરમાત્મા છે. વીતરાગ, સર્વજ્ઞ છે (એમાં) ક્યાંય શંકા કરવાનો અવકાશ / ગુંજાઈશ નથી અને એ પ્રસિદ્ધ છે. એમનું સાહિત્ય અને એમનું સ્વરૂપ સમજ્યા પછી એનો અસ્વીકાર કેમ થયો ? અને અસ્વીકાર થયો એવા એ અધ્યાત્મની કિંમત કેટલી? આપણને બેસતું નથી. પહેલી વાત છે કે દેવ, ગુરુ, શાસ્ત્ર એના ક્યા છે તે જુઓ જગતમાં આબરૂ મોટી હોઈ શકે, કોઈ પણ મહાત્માના નામની ગમે તેટલી મોટી આબરૂ હોઈ શકે એ પુણ્યયોગ છે. આબરૂ કોઈ મોટી વાત નથી એ તો જેમ પૈસા મળે એમ આબરૂ મળે, બીજું કાંઈ નથી અને એ તો પાપીમાં પાપી પ્રાણી પાસે (પણ) હોય છે. પૈસા અને આબરૂ પાપીમાં પાપી, કતલખના ચલાવવાવાળા પાસે પણ હોય છે એની કોઈ આ માર્ગમાં કિંમત નથી. પુણ્યની, પુણ્યના ફળની કોઈ કિંમત વીતરાગમાર્ગમાં નથી. જિનેન્દ્ર પરમાત્માને સ્વીકાર્યા છે ત્યાં ? નથી સ્વીકાર્યા (તો) મૂકો ચોકડી. આપણે ક્યાંય ઊંડા ઉતરવાની પણ જરૂર નથી. એ રીતે અમુક જાતનું લક્ષ હોવું જોઈએ કે નિર્દોષતા પ્રત્યે વધારે સારી રીતે, વધારે સુયોગ્ય રીતે કોણ લઈ જાય છે? એ પ્રકારની તુલનાત્મક બુદ્ધિ હોય તો જ તપાસ કરી શકે. નહિતર તપાસ કરવા જાય, એ પોતે જ અંદરમાં કયાં ખોવાઈ જાય એની પોતાને જ ખબર ન પડે. જાય તપાસ કરવા અને પોતે જ ખોવાઈ જાય.

પ્રશ્ન :– ગૃહીત મિથ્યાત્વ થઈ જાય ?

સમાધાન : – ગૃહીત મિથ્યાત્વનું તો એવું છે કે સાચા દેવ, ગુરુ, શાસ્ત્રનું સ્વરૂપ તમે સમજો એટલે compartively રાગી દેવ, ગુરુ, શાસ્ત્રનું સ્વરૂપ તમને સમજાય. પછી તો વીતરાગ નિર્દોષ, દેવ, ગુરુ, શાસ્ત્રને અનુસરવું, એ એક જ વાત રહી. તો ગૃહીત મિથ્યાત્વ જાય. ગૃહીત મિથ્યાત્વ ક્યારે જાય? (કે) બુદ્ધિપૂર્વક, બીજો વિકલ્પ ન રહે ત્યારે. બુદ્ધિપૂર્વકનો બીજો વિકલ્પ થાય (એટલે) ગૃહીત મિથ્યાત્વમાં આવી ગયો આ વિષયને એકલો જો બૌદ્ધિક સ્તર પર લઈ જાય તો ભૂલ થયા વિના રહે નહીં. એટલે ગૃહીત મિથ્યાત્વમાં આવ્યા વિના રહે નહીં, એવું કામ છે જરા (પ્રયોગે ન ચડે તો) ભૂલ થયા વિના રહેવાની નથી. કેમકે વિધિનો વિષય પ્રયોગાત્મક છે, પરિણમનનો વિષય છે અને એ પ્રયોગપૂર્વક સ્વરૂપ સમજાય છે, સ્વરૂપનો પ્રતિભાસ આવે છે. એ પહેલાં એ સંબંધીનો વિચાર કાલ્પનિક હોય છે. વિધિ સંબંધી પણ કલ્પના હોય છે અને એ ગૃહીત મિથ્યાત્વમાં જાય છે. એમાં ઓઘસંજ્ઞા કામ આવે નહીં.

એટલે અહીંયાં એમ કહે છે કે આ જીવે સંકલ્પ–વિકલ્પથી ભાવે ભ્રમણ કર્યું, અનંત કાળ એના ફળ સ્વરૂપે જન્મ–મરણ કરીને, ભવભ્રમણ કર્યું, ઘણી અશાંતિ ને ઘણું દુઃખ ભોગવતો, ભોગવતો, ભોગવતો અહીંયાં ચાલ્યો આવ્યો છે. અને હવે એ દુઃખ ખરેખર સંસાર પ્રત્યેના મહા વૈરાગ્યને ઉત્પન્ન કરે છે. કેવી રીતે? કે


''**નિરંતર એ સ્મરણ રહ્યા કરે છે.**'' નહિતર આ problem છે. આ વાત સાંભળ્યા પછીનો આપણા મુમુક્ષુઓનો આ problem છે, કે વાત તો બરાબર છે પણ એમને પરિભ્રમણનું દુઃખ નિરંતર લાગતું નથી. વિચારીએ છીએ, વાંચીએ છીએ, સત્સંગ કરીએ છીએ, ત્યારે સમજાય છે, ખ્યાલમાં આવે છે. ઇચ્છીએ છીએ એવું કાંઈ થાય તો, મોક્ષનો નિર્ધાર થાય, તો મુમુક્ષુની ભૂમિકાની પૂર્ણતાના લક્ષે વાસ્તવિક શરૂઆત થાય. પણ અંતઃકરણની શુદ્ધિ માટે જે વેદના અને જે ચિંતના થવી જોઈએ એ નિરંતર ચાલતી નથી એ મોટી સમસ્યા છે. અને તેથી યોગ્ય પ્રમાણમાં એના ફળસ્વરૂપે જે વૈરાગ્ય આવવો જોઈએ એ વૈરાગ્ય આવતો નથી.

શું લખ્યું છે? '**નિરંતર એ સ્મરણ રહ્યા કરે છે, અને એ મહાવૈરાગ્ય ને આપે છે.**' હવે આપ એમ કહો કે નિરંતર ન રહે એનું કરવું પણ શું? ત્યારે પ્રશ્નની સામે ઉત્તરમાં એક પ્રશ્ન પૂછવાનું મન થાય છે એટલે સમજાઈ જશે કે ડૉક્ટર એમ કહે કે તમને અહીંયાં (એક) ખાલી ફોડકી થઈ હતી અને મટતી નહોતી એટલે investigation માં જવું પડ્યું, શું ? અને લેબોરેટરી ટેસ્ટમાં એની (અંદર) કેન્સરના ચિહ્નો બધા ચોખ્ખા આવ્યા છે. તમને અત્યારે બહુ પીડા નથી, તેથી આ સામાન્ય લાગે છે કે આ મટતી નથી. મહિના/બે મહિનાથી ચાલે છે, ઘણી (દવા) લીધી, ઘણાં ઈન્જેકશનો લીધાં, દવાઓ કરી, પટ્ટીપટ્ટા બાંધ્યા, છતાં એમને એમ રહ્યા જ કરે છે. ઠીક છે, બહુ વાંધો નથી પણ આ મટે તો સારું. એટલે ડૉક્ટર કહે ચાલોને જરા investigationમાં, deep investigation માં જઈએ, કાંઈ લાગુ પડતું નથી, આ પણ એન્ટીબાયોટીક, ઓલી પણ એન્ટીબાયોટીકમાં એકેય લાગુ જ નો પડે. ત્યારે ખબર પડી કે કેન્સર છે. ત્યારે હેં... એ... હેં થઈ ગયું પછી તમારું હેં....એ....મટી ગયું ? સાંભળી લીધુ, બરાબર છે (કેન્સર) બહુ ખરાબ, એમાં તો મરી જવાય, ફલાણું થાય. કાંઈ વાંધો નહીં, હાલોને હવે દુકાને જઈએ, કામ છે. આપણે આજ ફલાણાની સાથે મીટિંગ છે, બહુ મહત્વની મીટિંગ છે, બહુ સારી મહત્વની મીટિંગ હોય તો શું થાય ? અરે ! બધુ જ પડ્યું રહે એકે એક વાત પડી રહે. ચારેકોર કોલ થઈ જાય કે આની કોઈ દવા છે કે નહીં ? કોઈએ શોધી છે ? ગઈકાલે કોઈના હાથમાં જડીબુટ્ટી આવી હોય તોપણ અમને કહી દેજો. અત્યાર સુધી આપણા ધ્યાનમાં નથી. છે જ નહીં આની દવા? research તો ચાલુ જ છે. દુનિયા આખી રીસર્ચ કરે છે અને દવાની શોધ ગઈકાલે થઈ હોય અને આપણને ખબર ન હોય, તપાસ આપણે બધે કરો, કોઈ હાથપગ વાળીને બેસી જતું નથી, કે દવા નથી મળતી તો કાંઈ નહીં, મરી જઈએ તો ભલે મરી જઈએ ! નહીં, કોઈને મરવું નથી અને પછી એ ચિંતા નિરંતર ચાલે કે ભૂલી જાય, હેં ? સારી મીઠાઈ ભાણામાં આવે તો ભૂલી નો જાય ? નો ભૂલી જાય ? અરે ! એ મીઠાઈ ખાવાના હોશ રહે નહીં. હોજરી ઉપર ચિંતાની અસર એટલી આવે કે ભૂખ ઊડી જાય, ને જે ભાવતું હોય એ ભાવે નહીં. ભાવવા નહીં ભાવવાનું (ચાલ્યું) જાય, ઊંઘ ઊડી જાય.

એમ એક વાર આ નિરંતર ચિંતનાથી આ stageમાં આવવું જોઈએ, આવવાનું સહજ થવું જોઈએ કે ખાવું, પીવું ને ઊંઘવું બધું હરામ થઈ જાય. કેમકે એ કેન્સર તો એક ભવમાં રોગ થાય છે, આ તો અનંત ભવનો ભવરોગ છે, અનંત કેન્સરનો દાદો છે, આ ભવરોગ એટલો મોટો રોગ છે અને અનંતકાળનો ક્રોનીક છે. આ તો (કેન્સર તો) મહીના/બે મહિનામાં હતું ને ખબર પડી ગઈ. આ તો અનંતકાળનો chronic છે, ઘર કરી ગયેલો છે, એને મટાડવાની વાત છે, કાંઈ નાનીસૂની વાત નથી. (એટલી) ગંભીરતા અને (એટલી) એ વિષયની ચિંતા ઊભી થાય ત્યારે અંતઃકરણની શુદ્ધિ થઈ અને વૈરાગ્યપૂર્વક મોક્ષનો નિર્ધાર થાય નહીંતર ન થાય. પછી ઉપરના stages આવે. એ પહેલાં કોઈને ઉપરના stages આવે નહીં. કોઈ માને કે અમે આગળ વધી ગયા છીએ. એ બધા ભ્રમમાં છે. ભલે જ્ઞાયક – જ્ઞાયક કરે, બધો ભ્રમ છે. એમાં કાંઈ માલ નથી એમાં આ પહેલું આવવું જોઈએ. બધા જ્ઞાનીઓની, અનંતા જ્ઞાનીઓની આ અનુભવસિદ્ધ વાત છે. સમય થયો છે. (હવે) પછી આગળ લેશું.

*

## પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા
## મંગલ વાણી–સીડી–૧૩–B



પ્રશ્ન :- તેને સમ્યગ્દર્શન થાય નહિ?

ઉત્તર :- એને ન થાય. હું સર્વજ્ઞ સ્વભાવી છું એવો નિર્ણય જેને નથી આવતો એને સમ્યગ્દર્શન થતું નથી. જે ભગવાનને ઓળખે તે પોતાને ઓળખે તો એને સમ્યગ્દર્શન થાય. અને પોતાને ઓળખે તે ભગવાનને ઓળખે છે. પણ ભગવાનન ઓળખે વ્યવહારમાત્રથી. પણ ભગવાનનું સ્વરૂપ એવું મારું સ્વરૂપ એમ ઓળખે નહિ તો એવી રીતે વ્યવહારથી ભગવાનને ઘણીવાર ઓળખ્યા. શુભભાવથી ભગવાન છે. સર્વજ્ઞ બધું જાણે છે એમ શુભભાવથી, ઉપચારોથી નક્કી કર્યું. સ્થૂળ વિચારથી નક્કી કર્યું. એમાં સમ્યગ્દર્શન નથી આવતું. એવું તો જીવે ઘણીવાર કર્યું છે.

પ્રશ્ન :- જૈન તો છે. પોતાને જૈન તો માને છે.

ઉત્તર :- જૈન માને છે પણ અંતરમાં સમ્યગ્દર્શન થાતું નથી. જૈન માને છે તો એણે માત્ર હું જૈન છું. અને સમ્યગ્દર્શન એવું વ્યવહારથી માની લે છે. માનવામાત્રથી થાતું નથી. અંતરની પરિણતિ હોય તો થાય છે.

પ્રશ્ન :- પ્રત્યક્ષ સત્પુરુષની મહિમા લાવતા નથી અને પરોક્ષમાં પહેલા જે સત્પુરુષો થઈ ગયા હોય એની મહિમા લાવે તો એને સમ્યગ્દર્શન થાય?

ઉત્તર :- જેને ભગવાનની મહિમા આવે છે એને પ્રત્યક્ષ સત્પુરુષની મહિમા આવ્યા વગર રહેતી જ નથી. સાચી મહિમા એનું નામ કહેવાય કે પ્રત્યક્ષ જે ગુરુ હોય છે એની મહિમા જેને આવે એને સાચી મહિમા ભગવાનની આવે છે. જેને ભગવાનની મહિમા આવે છે અને વર્તમાન જે ઉપદેશ દેનારા છે એની જો મહિમા નથી આવતી. જે યથાર્થ સત્પુરુષ છે એની મહિમા નથી આવતી તો એને ભગવાનની મહિમા પણ યથાર્થ નથી. એ એને રૂઢિગત એ મહિમા આવી છે. એ બે મહિમા સાથે રહેલી છે.

જેને ગુરુની મહિમા આવે એને ભગવાનની મહિમા આવે છે. અને ભગવાનની મહિમા આવે એને ગુરુની આવ્યા વિના રહેતી નથી. તો સાચી મહિમા એનું નામ કહેવાય કે જે પૂર્ણ થઈ ગયા એની મહિમા પણ આવે અને જે સાધક છે, સત્પુરુષ પ્રત્યક્ષ બિરાજે છે એની મહિમા એને સાથે હોય જ. પ્રત્યક્ષની મહિમા આવ્યા વગર એ પરોક્ષની મહિમા એને સાચી મહિમા આવતી નથી.

(તત્ત્વ ચર્ચાનો શેષ અંશ આવતા અંકમાં..)



**'દ્રવ્યદષ્ટિ પ્રકાશ'માંથી 'મિથ્યા અભિપ્રાયનું સ્વરૂપ' સંબંધિત પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના વચનામૃત**

જ્યાં સુધી પરિણામનું લક્ષ રહે છે ત્યાં સુધી 'હું પુરુષાર્થ કરું, અંતરમાં વળું એમ કર્તૃત્વનો બોજો રહ્યા જ કરે છે.' તેથી કહીએ છીએ કે 'ભાઈ ! તું પરિણામમાત્રનું લક્ષ છોડ; વિકલ્પ-નિર્વિકલ્પ બધી પર્યાયોનું લક્ષ છોડ; અનુભવ થયો, ન થયો તે ન જો.' (મુમુક્ષુજીવને તત્ત્વવિચાર ચાલે છે, તેમાં જ્યાં સુધી તે પ્રકારના પરિણામ આવે છે ત્યાં સુધી તેનું તે પરિણામોં પર વજન / જોર જાય છે તો જે માત્રમાં પુરુષાર્થ સામાન્ય સ્વરૂપની પ્રતિ થવો જોઈએ, તે ઉત્પન્ન થઈ શકતો નથી. અતએવ તત્ત્વવિચારક મુમુક્ષુને તદ વિષયક અત્યંત સાવધાની આવશ્યક છે.) (૪૭૯)

*

પર્યાયને સ્વ-સન્મુખ કરું, અંતરમાં વાળું, અંતરમાં ઢળું એવી- એવી (પર્યાયના કર્તાપણાની) સૂક્ષ્મ ભ્રાંતિ જીવને રહી જાય છે. પર્યાયનું મુખ (દિશા) બદલવાની છે, તે અપેક્ષાએ તે વાત સાચી છે; પરંતુ ધ્રુવ ઉપર બેસતાં જ તે (સ્વસન્મુખપણું) સહજ થાય છે. (૪૯૩)

*

આની તો જરૂરિયાત છે ને !... તેની તો જરૂરિયાત છે ને ! ( –એવો ભાવ અજ્ઞાનીને રહે છે.) અરે ભાઈ ! પહેલાં 'હું' અજરૂરિયાતવાળો (નિરાવલંબી) છું' તે તો નિર્ણય કરો ! (૫૦૭)

*

પરિણામની મર્યાદા દેખતા રહેવાથી અપરિણામીનું જોર છૂટી જાય છે. (અપરિણામીના જોરમાં પરિણામનું જ્ઞાન સહજ રહે છે.) (૫૨૭)

*

કાર્યથી (પર્યાયથી / પર્યાયને મુખ્ય રાખીને) કારણને (ત્રિકાળી દ્રવ્યને) દેખો છો, તેમાં મને તો એવી ચોંટ લાગે છે કે આ શું ! એવી દ્રષ્ટિમાં તો ત્રિકાળીથી જુદાપણું જ રહે છે. તો ત્રિકાળીમાં એકતા કઈ રીતે થશે ?

વર્તમાન પર્યાયમાં તો 'હુંપણું' સ્થાપી રાખ્યું છે અને ત્રિકાળી (સ્વરૂપ)ની તરફ થવા ચાહો છો ! પરંતુ પર્યાયમાં 'હુંપણું' છૂટ્યા વિના ત્રિકાળીમાં અહંપણું કઈ રીતે થશે ? (૫૪૫)

***